### ૧૭.૧ સ.પરિ. સા.વિ.વિ. ઓએફટી.-૧૦૮૦-૧૪૦૬-ઘ, તા. ૩૧-૩-૧૯૮૨

**વળતર રજા બાબત**

વંચાણમાં લીધા :
૧. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના ઠ.ક્ર. પી. - ૧૩-૨-બી, તા. ૧૬-૧-૫૮
૨. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના પરિ. ક્ર. પી. - ૧૩-૨બી, તા. ૨૭-૭-૫૯
૩. સા.વ.વિ. પરિ. : ઓએફટી-૧૦૬૪-૩૬૭-ઘ, તા. ૨૪-૭-૬૪
૪. સા.વ. વિ.પરિ. ક્ર. : ઓએફટી-૧૦૬૭-૩૮૮૯-ઘ, તા. ૧૪-૧૨-૬૭
૫. સા. વ. વિ.પરિ. ક્ર. : ઓએફટી-૧૦૬૯-૭૩૫-ઘ, તા. ૨૦-૯-૬૯
૬. સા. વ. વિ.પરિ. ક્ર. : ઓએફટી-૧૦૭૦-૩૪૫-ઘ, તા. ૧૯-૬-૭૦
૭. સા. વ. વિ.પરિ. : પી.એડ.ડી.-૧૦૭૬-ઘ, તા. ૫-૧૧-૭૬
૮. સા. વ. વિ.પરિ. : ઓએફટી-૧૦૮૦-૭૦૦-ઘ, તા. ૯-૯-૮૦

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના રાજકીય અને સેવા ખાતાના તા. ૧૬-૧-૫૮ના ઠ.ક્ર.પી. ૧૩૨-૨-બી ના પેરેગ્રાફ ચારથી વિહીત થયા પ્રમાણે જો સરકારી કર્મચારીને જાહેર રજાના દિવસે કચેરીમાં ફરજ પર હાજર રહેવાનું થાય તો તેમને આ રીતની ફરજના બદલામાં બીજા દિવસની વળતર રજા શક્ય હોય ત્યારે આપવાની થાય છે. આ રીતે જાહેર રજામાં સરકારી કર્મચારીને જ્યારે ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે તેમને બીજી વળતર રજા આપવા બાબતમાં સચિલાયના વિભાગો અને કચેરીઓમાં જુદી જુદી પદ્ધતિઓ અનુસરવામાં આવતી હોવાનું જણાતાં વળતર રજા આપવા બાબતે એક સૂત્રતા જળવાય તે બાબતે નીચે પ્રમાણેની સૂચનાઓનો અમલ થાય તેવું ઠરાવવામાં આવે છે :-

૧. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના રાજકીય અને સેવા ખાતાના પરિપત્ર ક્રમાંક : પી-૧૩-૨-બી, તા. ૨૭-૭-૫૯માં આંશિક સુધારો કરીને પરિપત્રની શરત ક્રમાંક : ૧ ને બદલે નીચે પ્રમાણેની શરતો મૂકવામાં આવે છે :

(૧) મુંબઈ મુલ્કી સેવા નિયમાના નિયમ ૬૩૦ની શરતોને આધીન રહીને નિયમિત રજા, પરચુરણ કે અન્ય જાહેર તહેવારની રજા સાથે વળતર રજાને આગળ પાછળની રજા તરીકે જોડી શકાય.

(૨) કોઈપણ કર્મચારી રજા દરમિયાન કચેરીમાં આખા દિવસના ૩.૧/૨ (સાડા ત્રણ) કલાક કે તેથી ઓછા સમય માટે પણ બે કલાકથી ઓછી નહીં તેટલી હાજરી આપે તો તેમને અડધા દિવસની વળતર રજા મંજૂર કરવી. તે સમયથી વધારે હાજર રહે, જે સમય પાંચ કલાકની ઓછો હોવો જોઈએ નહિ, તો આખા દિવસની વળતર રજા મંજૂર કરવી.

(૩) વળતર રજાના હુકમો રાજ્યપત્રિત અધિકારીઓને લાગુ પડશે નહિ.

(૪) એકી સાથે ફક્ત એક જ વળતર રજા આપી શકાશે.

(૫) સરકારી કામકાજ માટે જે કર્મચારીને મુખ્ય મથકની બહાર પ્રવાસ પર મોકલવામાં આવ્યા હોય અને પ્રવાસ દરમિયાન રજા કે રજાઓમાં તેમણે ત્યાં કામગીરી બજાવી હોય તે માટે આવા કર્મચારીઓ વળતર રજાને પ્રાપ્ત થશે નહીં.

(૬) વૈકલ્પિક રજાને પણ નિયમિત રજા, પરચુરણ રજા કે અન્ય રજાઓની સાથે આગળ પાછળની રજાઓના અનુસંધાનમાં જોડી શકાશે.

(૭) વળતર રજા ફક્ત જે તે કેલેન્ડર વર્ષમાં ભોગવવાની રહે છે અને નવું કેલેન્ડર વર્ષ શરૂ થતાં બાકી રહેલી રજાઓ આપઆપ વિલય થયેલી ગણવાની રહેશે.

૨. આ હુકમો આ અંગેના આમુખમાં બતાવેલા સૂચતઓને સંકલિત કરીને બહાર પાડવામાં આવે છે અને તે અંગેની ના.વિ.ની સંમતિ સંબંધિત ફાઈલ ઉપર મેળવવામાં આવેલ હતી તેથી હવે આ હુકમો હાલ પ્રવર્તતા સર્વ હુકમોની જગ્યાએ અમલમાં આવશે.